ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
જલસેવા ભવન, સેક્ટર- ૧૦- એ, ગાંધીનગર- ૩૮૨૦૧૦
પીએબીએક્સ- ૯૯૭૮૪૪૧૧૦૧ થી ૦૫, ફેક્ષ:- ૨૩૨૨૫૯૭૨-૭૯
મુખ્ય ઈજનેર (ટેકનીકલ)
વેબ સાઈટઃ- www.gwssb.org,ઈ-મેઈલ: setechcell@gmail.com

જા.નં./ ટેક.સેલ/ ટેપીંગ/ કરારખત /૫૫૬ તા.૬૫/૩/૨૦૧૬

પ્રતિ,
મુખ્ય ઈજનેરશ્રી,
ઝોન- ૧,૨,૩,૪ અને ૫,
ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
વડોદરા, અમદાવાદ, રાજકોટ, કચ્છ- ભુજ અને જુનાગઢ.

વિષયઃ- **ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ધ્વારા ટેપીંગ ધ્વારા અપાતા પાણી પુરવઠા માટેના કરારખતમાં એકસુત્રતા લાવવા બાબત.**

ઉપરોકત વિષયે જણાવવાનું કે, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ ધ્વારા ગ્રામ્ય વિસ્તારો ઉપરાંત અન્ય ગ્રાહકો જેવા કે, શહેરી વિસ્તાર, સોસાયટી વિસ્તાર, સામાજિક, શૈક્ષણિક, ધાર્મિક, ઔધોગિક તેમજ સરકારી, બિનસરકારી, અર્ધસરકારી તેમજ મિલટ્રી, એસ.આર.પી, જેવી ઘણી સંસથાઓને ટેપીંગ મારફતે અથવા અન્ય રીતે પાણી પુરૂં પાડવામાં આવે છે.ઉપરોકત સંસ્થાઓને હાલમાં કનેકશન આપવાની મંજુરી બોર્ડ સ્તરે છે પરંતુ અગાઉ આવા કનેકશનો ક્ષેત્રિય કક્ષાએથી પણ અપાયેલા છે. આથી, સંસ્થાઓ સાથે કરાયેલ કરારખતમાં વિવિધતા જોવા મળેલ છે.

સંસ્થાઓને અપાતા કનેકશનો માટે કરવામાં આવતા કરારખતની શરતોમાં એકસુત્રતા રહે તે માટે ખાતા ધ્વારા જુના કરવામાં આવેલ કરારખતમાં તથા નવા મંજુર કરવામાં આવેલા જોડાણો માટેના કરારખતમાં એકસુત્રતા લાવવી જરૂરી છે.આ માટે GWIL ધ્વારા અમલમાં છે તે કરારખતનો નમુનો આ સાથે સાદર છે.

આ નમુના મુજબના કરારખત વપરાશકારો સાથે રીન્યુ કરવા તથા જુના કરારખતો રદ્ કરવા તેમજ હવે પછી મંજુર થતા નવા જોડાણો માટે દરેક ખાનગી વપરાશકારો સાથે બોર્ડના જે તે અધિકારી ધ્વારા આજ નવા નમુના પ્રમાણે કરારખત કરવા આજ્ઞાનુસાર વિનંતી છે.

(એન.એચ.પટેલ)
મુખ્ય ઈજનેર, (ટેકનીકલ)

**નકલ સાદર રવાના પ્રતિ,**

- તાંત્રિક સલાહાકારશ્રી, માન. અધ્યક્ષશ્રીનું કાર્યાલય, ગુ.પા.પુ. અને ગ.વ્ય, બોર્ડ ગાંધીનગર તરફ જાણ સારૂં.
- મુખ્ય ઈજનેરશ્રી, યાંત્રિક, ગુ.પા.પુ. અને ગ.વ્ય, બોર્ડ ગાંધીનગર તરફ જાણ સારૂં.
- મુખ્ય ઈજનેરશ્રી, વાસ્મો, ગાંધીનગર તરફ જાણ સારૂં.
- પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, ગુ.પા.પુ. અને ગ.વ્ય, બોર્ડ ગાંધીનગર તરફ જાણ સારૂં.
- અધિક્ષક ઈજનેરશ્રી, સર્વે ..................તરફ જાણ તથા કાર્યવાહી સારૂ.
- માસ્ટર ફાઈલ